ગાંધીનગર સમાચાર

નવા સેકટરોમાં માર્ગ સુધારણા માટે મનપાને ૫ કરોડ ફાળવ્યા

# રોકડના અભાવે ગ્રામિણ અર્થતંત્રને ભારે ફટકો

## નોટબંધીની અસરથી ગ્રામ્ય વિસ્તારના ધંધા રોજગાર છેલ્લા પંદર દિવસથી ઠપ્પ થઈ ગયા છે : ઘર ચલાવવા ઉધાર લેવુ પડે તેવી સ્થિતિ

ગાંધીનગર, તા. ૨૧

નોટબંધીએ ગ્રામિણ અર્થતંત્રની કમર ભાંગી નાંખી છે. ખેતી કરતા, દૂધની ડેરીમાં દૂધ ભરાવતા અને પશુપાલન કરતા ગ્રામિણોની હાલત દયનીય બની છે. રોકડના અભાવે ગ્રામ્ય વિસ્તારના પરિવારોને ઘર ચલાવવા કરિયાણુ અને અન્ય ચીજવસ્તુઓ ઉધાર લેવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. અચ્છે દિનની રાહ જોઈને બેઠેલા ગ્રામિણોને હવે ખાવાના સાસાં પડી રહ્યા છે.

**સમયસર**

કાળુ નાણુ બહાર લાવવા માટે પ્રજાના માથે લાદવામાં આવેલી નોટબંધીથી ગ્રામ્ય વિસ્તારો સૌથી વધુ અસરગ્રસ્ત બન્યા છે. શહેરી વિસ્તારમાં રહેતા લોકો તો હજુ પણ ડેબીટકાર્ડનો ઉપયોગ કરી પોતાનું ગાડુ ગબડાવી શકે છે અને બેંકની કોઈને કોઈ બ્રાન્ચ કે એટીએમમાંથી પૈસા મેળવી શકે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારો કે જ્યાં બેંકની માંડ એકાદ-બે શાખા હોય અને જ્યાં મોટાભાગનો વ્યવહાર રોકડથી ચાલતો હોય તેમની પરિસ્થિતિ કેવી હશે તેનો તો વિચાર કરો. નોટ બદલાવવા તેઓને નજીકના શહેરમાં જવુ પડે છે અને આખો દિવસ લાઈનમાં ઉભા રહેવુ પડે છે.

અરે કેટલાક તો એવા છે જેમને બેંકના વ્યવહારની જરાય ગતાગમ પડતી નથી. તેઓની હાલત શુ થતી હશે તેની કલ્પના કદાચ આપણે નહી કરી શકીએ. ખેતી માટે જરૂરી હોય તેવા બીયારણ, ખાતર અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી રોકડથી જ થાય છે. વળી ગ્રામ્ય વિસ્તારોમાં એવા ઘણા પરિવારો છે જેઓ પશુપાલન કરી ડેરીમાં દૂધ ભરાવી પોતાના પરિવારનો જીવનનિર્વાહ ચલાવે છે. ડેરીના સંચાલકો તેઓને દર અઠવાડિયે રોકડમાં નાણા ચુકવી આપે છે. રોકડના અભાવના કારણે ડેરીના સંચાલકોએ દૂધ ઉત્પાદકોને ચુકવણુ કરવાનુ બંધ કરી દીધુ છે. દૂધ ઉત્પાદકોને છેલ્લા બે અઠવાડિયાથી નાણા મળ્યા નથી. પરિણામે તેઓએ દૂધ ભરાવવાનુ બંધ કરી દીધુ છે. દૂધની આવક ઘટી છે તો સાથે સાથે દૂધ ઉત્પાદકોને ઘર ચલાવવા નાણાંભીડનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડૂતો, દૂધ ઉત્પાદકોને કામ ધંધા પડતા મુકી નાણા મેળવવા શહેરના ધક્કા ખાવા પડી રહ્યા છે. દૂધ ઉત્પાદકો અને ખેડૂતોની મુશ્કેલીને દૂર કરવા સરકારે કેટલીક જાહેરાતો જરૂર કરી છે પરંતુ તેનો અમલ થતા હજુ કેટલોક સમય લાગી શકે છે. અચાનક અમલી બનેલા નોટબંધીના કારણે ગંભીર રીતે અસરગ્રસ્ત ગ્રામિણ અર્થતંત્ર ઝડપથી રીકવર થાય તેવા અસરકારક પગલા ભરવા હવે અનિવાર્ય થઈ ચુક્યા છે.

# ૧૯૪ ગ્રામ પંચાયતોના સરપંચનું રોટેશન જારી

## ૯૭ પંચાયતોમાં મહિલા સરપંચ બનશે : રોટેશનની વિગતો ગ્રામ્ય સ્તર સિવાય ક્યાંય લીક નહિ કરવા પંચાયત વિભાગની તાકીદ : ચૂંટણી રસિયાઓમાં ઉત્તેજના

ગાંધીનગર, તા. ૨૧

આગામી ડિસેમ્બરમાં યોજાનાર ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સરપંચોના રોટેશન અંગેની આજે વિધિવત્ ઘોષણા કરવામાં આવી છે. જો કે પંચાયત વિભાગ આ મુદ્દે કુલડીમાં ગોળ ભાંગી ગાંધીવૈદ્યનું સહિયારૂ જેવી નીતિ અપનાવેલ છે. પંચાયોતના વોર્ડ સીમાંકન કે રોટેશનની વિગતો પ્રસાર માધ્યમોથી દૂર રાખવામાં આવી છે.

આ માટે તંત્રને માત્ર ને માત્રને જે તે નિયત સ્થળે જાહેરનામાની નકલ ચોંટાડી જાહેરાત કરવાની જ નીતિ અપનાવવાની સૂચનાઓ અપાઈ છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગે આજે રોટેશન જારી કરાયુ છે. જેમાં ૯૭ બેઠકો સરપંચોની મહિલા માટે અનામત કરવામાં આવી છે.

સરપંચોના રોટેશન અંગેની આજે ઘોષણા થતાં જ ચૂંટણી રસિયાઓએ ભારે દોડધામ મચાવી

● અનુસંધાન પાન-૭ પર



વીઆઈપી સેક્ટરમાં કાગડાનો બંગલો - શહેરના પોશ એરિયા સમા સેક્ટર-૧ ના તળાવ કિનારે કાગડાએ ઘર વસાવ્યું... કરોડો રૂપિયાના પ્લોટવાળી જગ્યામાં કાગડાએ મનગમતી જગ્યાએ માળો બાંધ્યો છે... શહેરમાં દિવસે ને દિવસે વૃક્ષોનું છેદન થઈ રહ્યું છે ત્યારે કાગડાએ નવી જગ્યા શોધી બુદ્ધિ ચાતુર્યનું ઉદાહરણ પુરું પાડ્યું છે... હાઈમાસ્કના ટાવરની ટોચ પર સલામત જગ્યા શોધી અદભૂત માળો બાંધ્યો છે... ઈન્કમટેક્ષની નોટીસની ચિંતા નથી એવું કહીને માણસને ઈર્ષા આવે છે... કાગડાની ચતુરાઈ આજે પણ સ્વીકાર્ય છે...

# શાકભાજીના ઉત્પાદનો ખેડૂતો હવે પશુઓને આહારમાં આપી રહ્યા છે

## નોટબંધીને લીધે ભાવમાં કડાકો; ગ્રામીણ અર્થતંત્ર ખોરવાયુ ; દૂધ ઉત્પાદનના નાણાં પણ ન મળતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં શાકભાજીના ઉત્પાદકોએ તેમના શાકભાજીના ભાવ ના મળતાં પશુઓને ખવડાવી દેવાનું શરૂ કર્યું છે.

નોટબંધીના પગલે શાકભાજીના ભાવમાં પણ કડાકો બોલ્યો છે અને તે ઉત્પાદન ખર્ચ પણ મળે નહિ તેટલા નીચા ભાવ થતાં ખેડૂતોએ હવે આજથી શાકભાજીના પાકોનુ પશુના આહારમાં મુકવાનું શરૂ કર્યું છે.

જિલ્લાના ચિલોડાથી પ્રાંતિજ સુધીના પંથકમાં શાકભાજીનું મબલખ ઉત્પાદન થતુ હોય છે પરંતુ ભાવમાં કડાકો બોલ્યો હોવાથી ઉત્પાદનને બજાર સુધી લઈ જવાનો ખર્ચ પણ મોંઘો પડતો હોવાથી ખેડૂતો હવે નિરાશ થઈ ગયા છે.

બીજી તરફ દૂધના ઉત્પાદનમાં પણ ડેરીઓ દ્વારા ચુકવણાં નોટબંધીને કારણે વિલંબમાં પડતાં ગ્રામીણ વિસ્તારમાં અર્થતંત્ર લગભગ લડબડાઈ જવા પામ્યુ છે.

ટુંક સમયમાં દૂધ ઉત્પાદકો પણ દૂધ ડેરીમાં ભરવાનું પણ બંધ કરે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

દરમ્યાન ખરીફ ઋતુમાં વાવેતરની સારી પરિસ્થિતિ વચ્ચે પણ નોટબંધીને કારણે ખેડૂતોને બિયારણ ખરીદવાની પણ તકલીફ પડી રહી હોવાથી આગામી દિવસોમાં ઓછા ઉત્પાદનને પગલે મોંઘવારી વધશે તેવુ અનુમાન પણ લોકો વ્યક્ત કરી રહ્યા છે.

ગ્રામીણ વિસ્તારોમાં બેંકો પાસે નાણાંની ઓછી ઉપલબ્ધિ હોવાને કારણે ગ્રામીણ અર્થતંત્ર ખોરવાઈ જવા પામ્યુ છે.

# ચ-માર્ગના નવિનીકરણની દરખાસ્ત અદ્ધરતાલ

## રોડ નં - ૫ અને ચ માર્ગની સુધારણા માટે તંત્ર દ્વારા વિભાગને અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા માર્ગ સુધારણા તેમજ બ્યુટીફિકેશનના કામો હાથ ધરવામાં આવી રહયા છે. પરંતુ શહેરના મુખ્ય ચ માર્ગના નવિનીકરણની દરખાસ્ત હજુ પણ અધ્ધરતાલ છે. ચ માર્ગની સુધારણા પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા તબક્કાવાર જરૂરી કામો હાથ ધરવામાં આવી રહયા છે. જેમાં રસ્તા અને બ્યુટીફિકેશનની કામગીરી મુખ્ય બની છે. શેહરમાં હાલ ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ટુંકમાં જ આ માર્ગ પર બ્યુટીફિકેશનનુ કામ પણ શરૂ કરી દેવાશે જયારે હાલ કોબા હાંસોલ માર્ગના નવિનીકરણનુ કામ ચાલી રહયુ છે. જેની પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોની દશા પણ ખરાબ છે. જેમાં કોર્પોરેશ દ્વારા માર્ગોના નવિનીકરણ માટે પ્રાથમિક તબક્કે ખર્ચની રકમ ફાળવવામાં આવી છે. જેના આધારે નવા સેકટરોમાં પણ ટુંકમાં જ રસ્તાની સુધારણાનુ કામ શરૂ થશે. શહેરના મુખ્ય ઘ માર્ગના નવિનીકરણનુ કામ પણ અગાઉ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે ચ માર્ગને અનુલક્ષીને પણ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત

● અનુસંધાન પાન-૭ પર

# નવા સેકટરોમાં માર્ગ સુધારણા માટે મનપાને ૫ કરોડ ફાળવ્યા

## ટુંકમાં જ સે -૧ અને ૨ માં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરાશે : સે-૩ થી ૫ માં પણ રસ્તાનુ કામ હાથ ધરવા આમ નાગરિકોની પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં આંતરિક રસ્તાઓની સુધારણાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. સેકટરોના આંતરિક રસ્તાઓ છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ હાલતમાં છે. ત્યારે માર્ગોની સુધારણાનુ કામ ત્વરિત હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. કોર્પોરેશન દ્વારા નવા સેકટરોના રસ્તાને ચકાચક બનાવવા માટે રૂ ૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. માર્ગ મકાન વિભાગ દ્વારા ખાતાકીય પ્લાન્ટમાંથી સે-૧ અને ૨ ના આંતરિક માર્ગોનુ ટુંકમાં કામ હાથ ધરાશે.

શહેરના મોટાભાગના સેકટરોમાં આંતરિક માર્ગોની દશા ખરાબ છે. જેમાં ખાસ કરીને નવા સેકટરોમાં છેલ્લા પાંચ વર્ષથી રસ્તાની સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી. સે-૧થી ૫ માં માર્ગોની સુધારણાના કામ માટે તંત્ર દ્વારા અગાઉ માર્ગ મકાન વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમય સુધી દરખાસ્ત પેન્ડીંગ રહયા બાદ આખરે હવે કોર્પોરેશ દ્વારા સેકટરોના રોડ નેટવર્કની સુધારણા માટે રૂ ૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે. જેના આધારે ટુંકમાં જ સે ૧ અને ૨ માં રસ્તાની સુધારણાનુ કામ હાથ ધરાશે. જયારે બીજા તબક્કામાં સે ૩ થી ૫ માં પણ રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવશે. હાલ સેકટરોના આંતરિક રસ્તાઓ તદન કંગાળ હાલમાં છે. સેકટરોના રીંગ રોડ પર ખાડાઓ પડી ગયા છે. જેના લીધે વાહનચાલકો માટે સેકટરોનુ આંતરિક રોડ નેટવર્ક જોખમી બન્યુ છે.

સે-૩ માં રીંગ રોડ મગરની પીઠ સમાન બન્યો છે. જયારે સે-૪ અને ૫ માં પણ રસ્તાની હાલત દિનપ્રતિદિન બદતર બનતી જાય છે. ગત ચોમાસાના અંતે સેકટરોના માર્ગો સાવ ઉબડ ખાબડ બન્યા છે. સેકટરવાસીઓ દ્વારા પણ સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી માહીતી મુજબ નવા સેકટરોમાં રસ્તાની સુધારણા માટે કોર્પોરેશન દ્વારા રકમ ફાળવવામાં આવતા સેકટરોના માર્ગોને ચકાચક બનાવવા માટે ખાતાકીય પ્લાન્ટમાંથી કામ હાથ ધરાશે.

■ લોકપ્રિય દૈનિક કોલમ-સુપ્રભાતમ્‌ને ૨૦ વર્ષ થશે ■

# સર્જનાત્મક સાતત્યનું સન્માન અને સર્જક સુરેશ ભટ્ટનું અભિવાદન કરાશે

## ૨૪મી નવેમ્બરે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલમાં પૂ. ગુરૂમાની પાવન ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સમાચારની અત્યંત લોકપ્રિય દૈનિક કોલમ - 'સુપ્રભાતમ્'ના તા. ૨૪મી નવેમ્બરે પ્રકાશનના ૨૦ વર્ષ સંપન્ન થઈ રહ્યાં છે. દરરોજ સવારે તેજતર્રાર મુક્તક અને તેજાબી હાઈકુ સાથે પ્રસ્તુત થતી ધારદાર કટાર જેવી દૈનિક કટારના લેખક અને પીઢ સાહિત્યકાર-વિચારક શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટનું અભિવાદન કરવાનો સમારોહ આગામી તા. ૨૪મી નવેમ્બરને ગુરૂવારે બપોરે ૪.૦૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭ના ઓડિટોરિયમમાં યોજાયો છે.



સર્જનાત્મકતાના ૨૦ વર્ષ જેટલા લાંબા ગાળાના સાતત્યના સન્માન અને સર્જક શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટના અભિવાદનના આ અવસરે સમદર્શન આશ્રમના પૂ. ગુરૂમા સમાનંદજીની પાવન ઉપસ્થિતિ રહેશે.

પીઢ લેખક શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટ વર્ષ ૧૯૯૬ની ૨૪મી નવેમ્બરથી 'ગાંધીનગર સમાચાર'માં દરરોજ 'સુપ્રભાતમ્' લખી રહ્યા છે. ગાંધીનગર સમાચાર સાપ્તાહિક અને અર્ધ સાપ્તાહિક હતું ત્યારે પણ તેઓ પ્રસંગોપાત 'સલામી' લખતા હતા. આટલા વર્ષો દરમિયાન તેમણે સાંપ્રત પ્રશ્નો અને પરિસ્થિતિને વાચા આપતા ૭૦૦૦ થી વધુ મુક્તકો અને તેનાથી પણ વધુ હાઈકુ લખ્યાં છે; જે રાજકીય આગેવાનોમાં વિશેષ પ્રિય થયાં છે. તેમની આ કોલમના સંકલન સ્વરૂપે અત્યાર સુધીમાં સુપ્રભાતમ્, બિલીપત્ર, અક્ષત, પૂજન, ત્રિપુંડ, શ્રીપર્ણી, ઘંટારવ અને આશકા; એમ કુલ ૮ દળદાર પુસ્તકો પ્રસિદ્ધ થયા છે, જેને વાચકો તરફથી સારો આવકાર મળ્યો છે.

ગાંધીનગર સમાચાર દ્વારા ગાંધીનગર સાહિત્ય સભાના સહયોગથી યોજાઈ રહેલા આ અવસરે પધારવા ગાંધીનગરના સહુ સાહિત્યકારો, સર્જકો અને ગાંધીનગર સમાચારના વાચક પરિવારને ભાવભીનું નિમંત્રણ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com